**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**
**કચ્છ યુનિવર્સિટી**

**એક્ષ્ટર્નલ ( બાહય ) અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૨૬–૨૭**

કચ્છ યુનિવર્સિટીમાં એક્ષ્ટર્નલ (બાહય) અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭ ના શૈક્ષણિક વર્ષ માટે બી.એ. / બી.કોમ.અને એમ.એ. / એમ.કોમ. ના એક્ષ્ટર્નલ ( બાહય ) અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી શરૂ થનાર છે. બી.એ./બી.કોમ. સેમેસ્ટર ૧ અને ૩ તેમજ એમ.એ./એમ.કોમ.સેમેસ્ટર ૧ અને ૩ ના ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.ac.in પરથી ઓનલાઈન ફોર્મ ભરી પ્રવેશ ફી ઓનલાઈન મોડથી ભરવાની રહેશે. બી.એ. / બી.કોમ. સેમેસ્ટર ૧ અને ૩ તથા એમે.એ./એમ.કોમ.સેમેસ્ટર ૧ અને ૩ના ફોર્મની જ હાર્ડકોપી યુનિવર્સિટી ખાતે રૂમ નં. ૧૧૪ (એકેડમિક વિભાગ) રૂબરૂમાં અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન કરાવી આ ફોર્મ યુનિવર્સિટી ખાતે તથા યુનિવર્સિટીના અલગ અલગ હેલ્પ સેન્ટર પર ફોર્મ જમા કરાવી શકાશે. આ ફોર્મ રૂબરૂમાં જમા કરાવાનું રહેશે ત્યારબાદ જ પ્રવેશ કનર્ફોમ થશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી મેળવવા માટેના હેલ્પલાઈન નં. ૦૨૮૩૨ – ૨૩૭૩૦૦ છે.ઓનલાઈન ફોર્મ ભરવા માટેની સુચના તથા ગાઈડલાઈન / વિષય પસંદગીની સૂચના / અચૂક વાંચીને જ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી. સેમેસ્ટર ૧/૨ માં નવું પ્રવેશ મેળવનાર અને અન્ય યુનિવર્સિટી / બોર્ડમાંથી આવતા તમામ વિધાર્થીઓએ વેબસાઈટ પરથી ઓનલાઈન ભરેલા ફોર્મની હાર્ડકોપી માત્ર અને માત્ર યુનિવર્સિટી ખાતે જ જમા કરવી ફરજીયાત છે.આ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મ ભરવાની તારીખો આ મુજબની છે.

તા. ૨૦/૦૮/૨૦૨૬ થી ૦૫/૦૯/૨૦૨૬ સુધી (લેઈટ ફી વગર)
તા.૦૬/૦૯/૨૦૨૬ થી ૧૦/૦૯/૨૦૨૬ સુધી (રૂા.૫૦૦/– લેઈટ ફી સાથે)

–: ફી ની વિગત :– (પેર્ટન મુજબ)

(1)B.A.(NEP)Semester 1 & 3 :- Rs.3050/- (2)B.Com. (NEP)Semester 1 & 3 :- Rs.3550/- (3)M.A. / M.Com.(NEP) Semester 1 :- Rs.5485/- (4)M.A. / M.Com. (CBCS) Semester 3 :- Rs.5325/-

ઓનલાઈન ભરેલા ફોર્મ તા.૧૬/૦૯/૨૦૨૬ સુધી બીજા તથા ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ અને ૩.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય (એકેડમિક વિભાગ રૂમ નં. ૧૧૪) માં તથા યુનિવર્સિટીના અલગ અલગ હેલ્પ સેન્ટર પર સ્વીકારવામાં આવશે. આ હેલ્પ સેન્ટર માટેની તમામ માહિતી કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.ac.in પરથી મેળવી શકાશે. અધર યુનિવર્સિટી કે ગુજરાત બોર્ડ સિવાય પ્રવેશ મેળવનારે રૂબરૂમાં યુનિવર્સિટી ખાતે એલિજીબિલિટી પ્રમાણપત્ર મેળવી ફોર્મ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે.ફોર્મ ભરતી વખતે વિધાર્થીએ પોતાના તમામ પ્રયાસ પ્રમાણપત્રોની અસલ તથા એક એક પ્રમાણિત ઝેરોક્ષ નકલ ફોર્મ સાથે બિડવી ફરજીયાત છે. ફોર્મ ભરવા વિધાર્થીએ રૂબરૂ જ હાજર રહેવું અન્યથા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. કોઈપણ ભુલ થયેથી અથવા વિષયોની ખોટી પસંદગીની જવાબદારી વિધાર્થીની રહેશે.વિધાર્થીએ પોતાનું લોગીન તથા યુનિવર્સિટી વેબસાઈટ જોતા રહેવાની રહેશે.

તા. ૧૭/૮/૨૦૨૬ .કુલસચિવ